ગુજરાતના ઇતીહાસની

નોટ.

સુધારા તથા વધારા સાથે આવૃત્તિ ૩જી

ત્રીજા ધોરણના વિદ્યારથીઓને સારૂ

ટુંકમાં બનાવનાર.

આણંદરામ પ્રેમશંકર.

તથા

મંછારામ કેવળરામ સુકલ.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટના નીશાળના

મેહેતાજી.

ભરૂચ.

ભરૂચ "વીક્ટોરીઆ પ્રીન્ટીંગ પ્રેસ,"

સને ૧૮૫૪.

કીમત રૂ० ૦—૨—૬

ગુજરાતના ઇતીહાસની નોટ.

પ્ર. ૧—ગુજરાતમાં પ્રથમ રાજ્ય કોણે સ્થાપ્યું ?

ઊ. ૧—દ્વારિકામાં કૃષ્ણે, ને વલભીપુરમાં શિલાદિત્યે.

પ્ર. ૨—વલભીપુર ક્યાં છે, અને ત્યાંનો રાજા કોણ, અને તે ક્યા ધરમનો હતો, અને એ શેહેરનો નાશ શી રીતે થયો ?

ઊ. ૨—વલભીપુર ભાવનગરની ઉત્તરે વળા ગામ આગળ હતું. ને ત્યાંનો રાજા શિલાદિત્ય હતો. તે વેદ ધરમાં શિવ મારગી હતો, અગાઉ એ શેહેરમાં મારવાડના પાલી ગામનો કોઇ કાકુ નામે વેપારી આવી રહેલો હતો, તેની છોકરી પાશે રતન જડાવ એક કાંસકી હતી, તે કાંશકી રાજાની કુવરીએ માગી પણ કાકુ કંજુશ હોવાથી તેને આપી નહીં. તોપણ રાજાએ તેના ઉપર જુલમ કરી તેની પાંસેથી લીધી, તેપરથી કાકુ શિંધના મલેચ્છ રાજા પાશે જઇ એક લાખ શોનાની મોહોર આપી વલભીપુર પર ચઢાઇ કરાવી. તેમાં વલભીપુરનો રાજા શિલાદિત્ય હારયો ને મારયો ગયો, તેથી શેહેરનો નાશ થયો.

પ્ર. ૩—પંચાસર ક્યાં છે, અને તે રાજ કોણે અને કઇ શાલમાં સ્થાપન કર્યું ?

ઊ. ૩—પંચાસર ઝીંઝુવાડાની પાસે કચ્છના રણને કાંઠે છે, ને તે રાજ જયશિખરીએ ઇ૦ સ૦ ૬૯૬માં સ્થાપ્યું.

પ્ર. ૪—જયશિખરીને કોની સાથે લડાઇ થઇ, ને તે લડાઇ થવાનું કારણ શું ?

ઊ. ૪—એને કલ્યાણીના રાજા ભુવડ સાથે લડાઇ થઇ, તેનું કારણ જયશિખરીના દરબારનો શંકર નામે એક કવી હતો, તે કવીએ ભુવડના દરબારમાં જઇ પંચાશરના રાજ્યની મોટાઇની વાતો કરી, તે ઉપરથી ભુવડે પંચાશર ઉપર ચઢાઇ કરવાને મીર નામના સેનાપતિને લશકર આપી મોકલ્યો તેને જયશિખરીના શાળા સુરપાળે હરાવી પાછો કાઢયો, ત્યારે ભુવડે પંડે ચઢી (૫૨) દિવસ સુધી લડાઇ કરી જયશિખરીને હરાવ્યો, અંતે જયશિખરીના લડવઇયા ખુટવાથી અને તેના રણમાં પડવાથી પચાશર ભુવડને હાથ ગયું, એ ભુવડે ગુજરાતની ઉપજ પોતાની દીકરી મીળણદેવીને આપી હતી. જે વખતે જયશિખરી રણ

માં પડ્યો, તે વખતે એની રાણી રૂપસુંદરી ગરભવાળી હોવાથી જંગલમાં જઈ વસી, ત્યાં તેને છોકરો થયો.

પ્ર. ૫—ચાવડા વંશની વંશાવળી કહો.

ઉ. ૫—

રાજા	ગાદીએ બેઠા.	ઉઠયા	કુ. વ. રાજ કરયું
૧ જયશિખરી	૬૯૬	૭૪૬	૫૦ વરસ.
૨ વનરાજ	૭૪૬	૮૦૬	૬૦
૩ યોગરાજ	૮૦૬	૮૪૨	૩૬
૪ ક્ષેમરાજ	૮૪૨	૮૬૬	૨૪
૫ ભુવડ	૮૬૬	૮૯૫	૨૯
૬ વિજયસિંહ	૮૯૫	૯૨૦	૨૫
૭ રત્નાદિત્ય	૯૨૦	૯૩૫	૧૫
૮ સામંતસિંહ	૯૩૫	૯૪૨	૭

પ્ર. ૬—ચાવડા વંશ ક્યાંથી ક્યાં સુધી, કેટલા વરસ ચાલ્યો

ઉ. ૬—એ વંશ ૬૯૬થી ૯૪૨ સુધી ૨૪૬ વરસ ચાલ્યો,

પ્ર. ૭—જયશિખરીના દીકરાનું નામ શું ? અને તે ક્યાં જન્મ્યો, અને તેણે ક્યું રાજ્ય સ્થાપન કર્યું ને કઈ સાલમાં ?

ઉ. ૭—જયશિખરીના દીકરાનું નામ વનરાજ એનો જન્મ વનમાં થયો હતો. એ શુરો ચતુર અને પાક્રમી હતો, એના બાપનું રાજ પંચાશર ભુવડે લઈ લીધું તેથી એને વનમાં ભટકવું પડ્યું પછી ભુવડના માગણો ગુજરાતની ઉપજ ઉઘરાવી જતા હતા તેને એણે લુટી લઈ સઘળું ધન પડાવી લીધું, ને તે વડે એણે સરસ્વતીને તીરે અણહિલવાડ વસાવી ત્યાં પોતાની રાજધાની કરી ઇ૦ ૭૪૬માં.

પ્ર. ૮—વનરાજને રાજ્ય સ્થાપવામાં કોણે કોણે મદદ કરી હતી ને તે મદદનો બદલો એણે શી રીતે વાળ્યો ?

ઉ ૮—અણહિલ નામે ભરવાડે એને વગડામાંના મારગો તથા સંતાવાનો જગો બતાવી હતી. અને ચાંપા નામે વેપારીએ નાણાંની મદદ કરી હતી. તથા શ્રીદેવી નામે એક વાણીઆણે એની પરોણા ચાકરી કરી હતી, તેથી તેના બદલામાં પોતાના નગરનું નામ અણહિલપુર પાટણ પાડ

શુ. ચાંપાને પ્રધાનવટી આ ી ને શ્રી દેવી પાંચે ગાદીએ બેસતાં ટીલક કરાવ્યું. એ રાજા ૬૦ વરસ રાજ કરી ૧૧૦ વરસની ઉમર ઇ૦ સ૦ ૮૦૬માં મરણ પામ્યો, એના પછી એનો દીકરો યોગરાજ ગાદીએ બેઠો.

પ્ર. ૯—યોગરાજની હકીગત કહો?

ઉ. ૯—એ રાજા પ્રતાપી હતો એણે રાજ અને રાજ્યની ઉન્નત વધારી લોકોને સુખી કરવા એ ચતુર, શુરો ને વીદ્વાન હતો, તથા ધનુંર વિદ્યામાં હુશીઆર હતો, એ ૩૬ વરસ રાજ કરી ઇ૦ સ૦ ૮૪૨માં મરણ પામ્યો એના પછી એનો દીકરો ક્ષેમરાજ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૧૦—ક્ષેમરાજ વીષે શું જાણો છો?

ઉ. ૧૦—ક્ષેમરાજે રાજ તથા ઉપજ ઉપર લક્ષ આપી તેનો વધારો કરયો. અને લોકને સુખી કરયા. એ ભલો રાજા ૨૪ વરસ રાજ કરી ઇ૦ સ૦ ૮૬૬ માં મરણ પામ્યો. એના પછી એનો દીકરો ભુવડ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૧૧—ભુવડનુ બયાન કહો?

ઉ. ૧૧—એના વખતમાં કંઇ હકીકત બની નથી એ ૨૯ વરસ રાજ કરી ૮૯૫માં મરી ગયો પછી વિજયસીંગ

ગાદી ઉપર બેઠો.

પ્ર ૧૨—વીજયસંગનુ વરણુન કહો?

ઉ ૧૨—એણે એકવાર જંગલી લોકો સાથે લડાઇ કરી તેમાં એ જીત્યો. એ ૨૫ વરશ રાજ કરી ઇ૦ સ૦ ૯૨૦માં મરી ગયો, પછી રતનાદિતય ગાદી ઉપર બેઠો.

પ્ર. ૧૩—રતનાદિત્ય વીષે શું જાણો છો?

ઉ. ૧૩—એ વચન પાળનારો, સાચો, શુરો અને બળવાન હતો. તેણે લુચ્ચા, ચોર, ઠગારા, વગેરે અપરાધીઓને દેશમાંથી કાઢી મુક્યા. ને પ્રજાને સુખ આપયું. એ રાજા ૧૫ વરશ રાજ કરી ૯૩૫માં મરણ પામ્યો. એના પછી સામતશીંગજી ગાદી ઉપર બેઠો.

પ્ર. ૧૪—સામતશીંગજીનું બ્યાન કહો?

ઉ. ૧૪—એ રાજા નબળો દુરગુણી અને વ્યસની હતો. એ ચાવડા વંશનો છેલ્લો રાજા થયો, એને પેટે દીકરો નહોતો તેથી એની ગાદી શોલંકી વંશમાં ગઇ

પ્ર. ૧૫—ચાવડા વંશની ગાદી શોલંકી વંશમાં શી રીતે ગઇ?

ઉ. ૧૫—કનોજના રાજા ભુવનાદીત્યનો રાજ નામે

કુંવર સામતસીંઅની બેહેન લીલાદેવી વેર પરણ્યો હતો. એ લગનથી લીલાદેવીને મુળરાજ નામે પુત્ર ઉતપન્ન થયો. તેણે રાજ્યાસનને માટે બંડ કરી પોતાના મામાને મારી નાખ્યો. અને મોસાળ પક્ષમાંથી કોઇ ગાદિનો દાવો કરવા ન પામે માટે તે સરવેને મારી નાંખી પોતે ગાદી ઉપર બેઠો

પ્ર. ૧૬—સોલકી વંશની વંશાવલી.

ઉ ૧૬.—

	રાજા	ગાદીએ બેઠો	ઉઠયો	વ. રા. કરયું.
૧	મુળરાજ	૯૪૨	૯૯૭	૫૫
૨	ચામુંડ	૯૯૭	૧૦૧૦	૧૩
૩	વલભશેન	૧૦૧૦	૧૦૧૦	૦
૪	દુલભશેન	૧૦૧૦	૧૦૨૨	૧૨
૫	ભીમદેવ પેહેલો	૧૦૨૨	૧૦૭૨	૫૦
૬	કરણ	૧૦૭૨	૧૦૯૩--૯૪	૨૨
૭	શિધરાજ	૧૦૯૪	૧૧૪૩	૪૯
૮	કુમારપાળ	૧૧૪૩	૧૧૭૪	૩૧
૯	અજેપાળ	૧૧૭૪	૧૧૭૭	૩
૧૦	બાળમુળરાજ	૧૧૭૭	૧૧૭૯	૨
૧૧	ભોળો ભીમદેવ	૧૧૭૯	૧૨૪૨	૬૩
૧૨	ત્રિભોવનપાળ	૧૨૪૨	૧૨૪૪	૨

પ્ર. ૧૭—સોલંકી વંશ ક્યારથી ક્યાં સુધી અને કેટલા વરસ ચાલ્યો અને એ વંશનો પેહેલો રાજા કોણ ને તેનુ નામ શું ?

ઊ. ૧૭—એ વંશ ૯૪૨થી--૧૨૯૪ સુધી ૩૦૨ વરસ ચાલ્યો અને એ વંશનો પેહેલો રાજા મુળરાજ થયો.

પ્ર. ૧૮—મુળરાજની હકીકત કહો ?

ઉ ૧૮—મુળરાજ એ ભુવનાદીત્યના છોકરાનો છોકરો હતો એની માનુ નામ લીલાદેવી હતુ. એ મુળનક્ષત્રમાં જનમ્યો માટે એનું નામ મુળરાજ પાડયુ એ રાજય ઉપર અજમેર તથા તઇલગાણના રાજા ચઢી આવ્યા હતા તેમાં એણે અજમેરના રાજાને દ્રવ્ય આપી પાછો કાહાડ્યો ને તઇલગાણના શરદાર બારપ સાથે લડાઇ કરી તેને મારયો અને પછી સોરઠના રાજા ગ્રહરીપુને પોતાની આણ મનાવી ને કચ્છના રાવ લાખાને મારયા અને લાટ દેશના રાજાએ એનુ અપમાન કરયુ તેથી તેને જીત્યો અને ઘણા શીવાળયો બધાવયા તથા શ્રીપુરમાં રૂદ્રમાલનુ દેરૂ ચણાવા માંડયુ હતુ. એણે પોતાના મોશાળના વશની હતયાઓ કરી હતી તે પાપથી છુટવાને એણે બ્રાહ્મણોને આ

લાવી બહુ દાન આપયાં એ રાજા (૫૫) વરસ રાજ કરી ૯૯૭ ।. મરી ગયો એના પછી ચામુડ ગાદી ઉપર બેઠો

પ્ર ૧૯—ચામુડની કારકીરદીનુ વરણન આપો?

ઉ. ૧૯—એના વખતમાં કંઇ હકીકત બની નથી. એણે ૧૩ વરશ રાજ કરયા પછી પોતાના દીકરા વલ્લભશેન ને રાજ સોંપી પોતે કાશીએ ગયો પણ વલભને શીતળા નીકલવાથી મરણ પામ્યો તેથી ચામુડે પોતાનાં બીજા દીકરા દુલભને ગાદી સોંપી ચામુડે કરેલા પાપથી તથા પુત્ર ઘાથી કંટાળી સાધુ થઇ શુકલતીરથ ગયો ને તયાં મરણ પામયો; પછી દુલલભ ગાદી ઉપર બેઠો

પ્ર. ૨૦—દુલભશેનની હકીકત કહો ?

ઉ. ૨૦—એણે નિતિથી રાજય ચલાવી દેશને આબાદ કરયો. એણે દુલભ સાગર નામે તળાવ બંધાવ્યું તથા કેટલાક દેવળો બંધાવયાં એને પેટે દીકરો ન હતો તેથી એણે બાર વરશ રાજ કરી જતી વખતે એણે નાગરાજના દીકરા ભીમદેવને ગાદી શોપી ઇ. સ. ૧૦૨૨

પ્ર. ૨૧—ભીમદેવ વિશે શુ જાણોછો ?

ઉ. ૨૧—એ ભીમદેવ ઉપર મહમદ ગિજનવીએ ઇ. સ. ૧૦૨૪માં ચઢાઇ કરી મભાશ પાટણ આગળ લડાઈ થઇ તેમાં ભીમદેવ હારીને કંથકોટના કિલામાં ભરાયો પછી મહમુદ મભાશપાટણમાં સોમનાથનુ દેરૂ લુટી બારણા ને ભાગી જે દ્રવ્ય હાથ લાગયુ તે લઇ પાછો સ્વદેશ ગયો. મહમુદને ગએલો જાણી ભીમદેવ પાછો આવી ગાદીએ બેઠો પછી એણે સીંધ દેશ ઉપર સ્વારી કરી જશ મેળવ્યો વળી એણે કાશીના રાજા કરણ જોડે મલી માળવાનાં રાજા ભોજ ઉપર ચઢાઇ કરી તેવામાં ભોજ મરણ પામયો એટલે કરણે ધારા નગરીનો ભંડાર લુટયો તેમાથી ભીમને ભાગ આપયો નહી. તેથી હીંદુસ્તાનના જે ભાગો મુશલમાનોએ જીત્યા હતા તે પાછા લેવાને વીશલદેવે બીજા રજપુત રાજાની મદદથી ગુજરાત ઉપર સ્વારી કરી તેમાં ભીમદેવ ભળ્યો નહી તેથી ચોહાણ રાજાએ ભીમદેવ ઉપર સવારી કરી ભીમને હરાવયો ને ધન આપવાનુ કબુલ કરાવ્યો તથા જે ઠેકાણે જુધ થયુ તે ઠેકાણે વીશળ નગર વસવા દેવાનું કબુલ કરાવી જતો કરયો એને ત્રણ દીકર

હતા (૧) ક્ષેમરાજ (૨) કરણ (૩) મુળરાજ તેમાં ભીમદેવે તીરથાટન કરવા જતી વખતે ક્ષેમરાજને ગાદી આપવા માંડી પણ એણે પોતાના પીતાની શાથે જવાની ઇચ્છા બતાવ્યાથી બીજા દીકરા કરણને ગાદી મળી. એ ભીમ, શુરો ચતુર અને માયાળુ હતો ચોર તથા અપરાધીઓને સજા કરતો એ ૫૦ વરશ રાજ કરી ૧૦૭૧માં મરણ પામયો.

પ્ર ૨૨—કરણ વિશે શું જાણો છો ?

ઉ ૨૨—એણે ધંધુકા, આશાવલ અને મેવાસના કોળી રાજાઓને વશ કરયા વળી મોઢેરા ગામમાં કરણ સાગર તળાવ બંધાવયુ તથા કેટલાએક દેવળો બંધાવ્યાં અને કરણાવટી નગરી વસાવી એ રાજા ૨૨ વરસ રાજ કરી ઈ. સ. ૧૦૯૪માં મરણ પામયો એના પછી એનો દીકરો શિધરાજ જેશીંગ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૨૩—શિધરાજ જેશીંગની હકીકત કહો ?

ઉ ૨૩—જયારે શીધરાજ ગાદીએ બેઠો તયારે નાની ઉમરનો હતો તેથ એની મા મીનળદેવી રાજય ચલાવતી

હતી એ મીનળદેવીએ વીરમગામમા માનશર અને ધોળકા માં મળાવ તળાવ બંધાવયા. શીધરાજે માળવાના રાજાયશો વરમાન સાથે તથા જુનાગઢના રાજા રાયખેંગાર સાથે લ ડાઇ કરી તેને હરાવયો; એણે રૂદરમાહાલનુ દેરૂ મુળરાજ ના વખતમાં અધુરૂ હતુ તે પુરૂ કરાવયુ; કોઇ રાજ પુત્રી

રાણકદેવી નામે મજેઠરી ગામના કુંભારને તયા ઉછરી ને મોટી થઇ હતી તેનો વેહવા સીધરાજ શાથે થયો હતો પ ણ જુનાઘઢના રાજા રાયખેગાર તેને ચોરી લઇ જઇ પર ણ્યો તેથી શીધરાજે તેને મારીનાખી રાણકદેવી પોતાને કબજે કરી પણ તેણીએ પુનઃલગન ન કરતાં વઢવાણ આ ગળ સતી થઇ ભોગાવો નદી ઉપર બળી મુઇ તયાં સતી ની વાવ છે. શીધરાજે તળાવ કુવા વાવ વગેરે બંધાવયા એનુ રાજ અચળેસ્વરથી કોલાહાપુર સુધી હતું તેથી એ ચક્રવરતી રાજા કહેવાયો. એ રાજા ૪૯ વરશ રાજ કરી ૧૧૪૩માં મરણ પામ્યો પામયો; એના પછી કુમારપાળ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૨૪—કુમારપાળને ગાદી શી રીતે મળી ?

ઉ. ૨૪—શીધ્ધરાજ જેશીંગ વેદ ધરમી હતો અને કુમારપાળ જઇન ધરમી હતો માટે શિધ્ધરાજે કુમારપાળને મારી નાંખવા મારા મોકલ્યા પણ તે જોગીના વેશ લઇ જગલમાં નાશી ગયો ત્યાં તેને એક ખેડુતે તથા એક કુંભારે બચાવ્યો, ત્યાંથી ખંભાત ગયો, ત્યાં તેને જઇન ધંરમના હીમચારજીએ કહ્યું કે તમો રાજ પામશો તેથી ઉદાયન પ્રધાન પાશેથી થોડા પઇસા લઈ માલવે ગયો. એટલામાં શીધ્ધરાજ મરી ગયાના સમાચાર તયાં મલ્યા તેથી ઝટ પાટણ આવ્યો ત્યાં પોતાના બનેવી કહ્નાનદેવની મદદથી ૫૦ વરશની ઉમરે ગાદીએ બેઠો.

પ્ર. ૨૫—કુમારપાળ કોનો છોકરો અને તેની બેનોનુ નામ શુ ને તે કોની સાથે પરણી હતી.

ઉ. ૨૫—એ શીધ્ધરાજના કાકા ક્ષેમરાજના છોકરા દેવપ્રશાદ ને દેવપ્રશાદનો છોકરો ત્રીભુવનપાળ, એ ત્રીભુવનપાળ ને મહીંપાળ, કીરતીપાળ, ને કુમારપાળ, નામે ત્રણ

છોકરા હતા, અને દેવલદેવી ને પરેમદેવી નામે બે કુવ
રી હતી તેમાં પરેમદેવી શીધ્ધરાજના શામંદ કડ઼ા
રે પરણી હતી, અને દેવળદેવીનું લગન કાશમીરના રાજા
સાથે થયું હતું.

પ્ર. ૨૬—કુમારપાળની હકીકત કરો

ઉ. ૨૬—એના વખતમાં જઇન ધરમનું જોર ઘણું હ
તુ એણે નાગોળના રાજા આણ શાયેલડાઇ કરી તેને હ
રાવ્યો તેથી તે રાજાએ પોતાની દીકરી એને પરણાવી પ
છી ઉજણ તથા કોકણના રાજા મલિકા અરજુનને એન
પ્રધાન અમરભટે હરાવયા એણે જઇન ધરમના દેરાં ત
થા શીવાલયો બંધાવ્યા અને શોમનાથનુ દેરૂ ફરીથી બ
ધાવ્યું એને મરતી વખતે રકતપિતનો રોગ થયો હતો એ
૩૧ વરશ રાજ કરી ૧૧૭૪માં મરી ગયો એના પછી એ
નો ભત્રીજો અજેપાળ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૨૭—અજેપાળ વીશે શુ જાણો છો!

ઉ. ૨૭—એ રાજા શીવ ધરમી હતો તેથી તેણે પો

તાના કાકાનાં બંધાવેલાં જઈનના દેરાં તોડી નાખ્યાં અને કેટલાક જઇન શરદારોને મારયા એટલામાં એને કોઇ પોળીઆએ છાતીમાં કટાર મારી મારી નાખ્યો. એ રાજા ૩ વરશ રાજ કરી ઇ. શ. ૧૧૭૭મા મરણ પામ્યો એના પછી એના કુંવર બાળમુળરાજ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૨૮—બાળમુળરાજનો વ્રતાંત કહો,

ઉ. ૨૮—એ રાજા નાનો હતો માટે એની મા નાયકી દેવી રાજય ચલાવતી હતી એનાં વખતમાં શાહાબુદીન ગોરી ચઢી આવયો તેને એના કાકા ભોળાભીમદેવે હરાવી પાછો કાઢયો એણે બે વરશ રાજ કરયા પછી ઇ. શ. ૧૧૭૯મા એનો કાકો ભોળાભીમદેવ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૨૯—ભોળા ભીમદેવનુ બીયાન કહો.

ઉ. ૨૯—એ ચઢાઉને અવીચારી હતો. આબુના રાજાની છોકરીનો વીવાહ શોમેશ્વરના છોકરા પથુરાજ શાથે થયો હતો તે છોકરી ભોળાભીમદેવે માગી પણ આબુના રાજાએ ના કહી માટે એ કન્યાલેવા શારૂ ભીમદેવે શોમેશ્વર ઉપર ચઢાઈ કરી શોમસવરને મારયો, તેથી બાપનુ વેર લેવાં શારૂ

તેના દીકરા મથુગજે ભીમ શાથે લડાઇ કરી ભીમને હરાવયો ત્યાર પછી ૧૧૯૪ મા શાહાબુદીનના શેનયાપતી કુતબુદી ને ગુજરાત પર ચડાઇ કરી અને રાજા ભીમદેવને હરાવયો તયાર પછા ભીમે બે ત્રણવાર લડી આખરે મુશલમાનોને હરાવયા, એ ૬૩ વરશ રાજ કરી ૧૨૪૨ માં મરી ગયે, એના પછી ત્રીભુવનપાલ ગાદીએ બેઠો.

પ્ર. ૩૦-ત્રીભુવનપાલનું બ્યાન કહો?

ઉ. ૩૦-એ છેલલો રાજા નબલો હોવાથી એને ધોલકાં ના રાજા વીશળદેવે ગાદી ઉપરથી ઉઠાડી મુકયો ને પોતે ગાદી ઉપર બેઠો એણે બે વરસ રાજ કરયુ પછી વાઘેલા વંશમાં ગાદી ગઇ.

પ્ર. ૩૧-શોલંકી વંશની ગાદી વાઘેલા વંશમા શી રીતે ગઇ? અને વાઘેલાની ઉતપતી કહો?

ઉ. ૩૧-વાઘેલાનો મુળ પુરૂશ અરણીરાજ હતો તેનો છોકરો લવણપ્રશાદ ભોળાભીમદેવનો પ્રધાન હતો પણ એ પ્રધાનને રાજા સાથે અણબનાવ થવાથી તેણે બંડ ઉઠાવયુ

અને એ રાજ્યનો કેટલોક ભાગ તાબે કરી ધોલકામાં રાજ્ય ગાદી કરી, પછી તેનાં દીકરા વીરધવળે ખભાત ગોધરા અને ભદરેસવર તથા દક્ષીણના સીંધવરાજાને જીતી રાજ્યનો વધારો કરયો. એને વસ્તુપાલ અને તેજપાલ નામે બે મંત્રી હતા. તેઓએ એનુ મરણ ૧૨૩૯ માં થવાથી એના મોટા દીકરા વીરમને મારી નાખયો તેથી વીસળદેવ આખા ગુજરાતનો ધણી થયો તેથી કરણાટકના મહારાજાએ પોતાની દીકરી વીશળદેવને પરણાવી હતી.

પ્ર. ૩૨-વાઘેલા વંશની વંશાવળી કહો.

ઉ. ૩૨-રાજા	બેઠો	ઉઠયો	વ. રા. કરયુ
૧ વીશળદેવ	૧૨૪૪	૧૨૬૨	૧૮
૨ અરજુનદેવ	૧૨૬૨	૧૨૭૫	૧૩
૩ સારંગદેવ	૧૨૭૫	૧૨૭૯	૪
૪ કરણઘેલો	૧૨૭૯	૧૩૦૪	૨૫

પ્ર. ૩૩-વાઘેલાવંશ કયાંથી કયાં સુધી ને કેટલા વરસ ચાલયો

૩

ઉ. ૩૩-એ વંશ ઇ. શ. ૧૨૪૪ થી ૧૩૦૪ વરસ ચાલયો.

પ્ર. ૩૪-વીસળદેવની હકીકત કહો ?

ઉ. ૩૪-એ બધા રાજાઓ કરતા પ્રતાપી કહેવાય છે. કારણ કે એના વખતમાં ભારે દુકાલ પડવાથી રઇયતને એણે ઘણી મદદ કરી હતી. એણે સુલતાન મહમુદનું તોડેલું સોમનાથનું દેરૂં ફરીથી બંધાવયું તથા બીજા દેવાળયો સુધરાવયાં. એ રાજા ૧૮ વરસ રાજકરી ૧૨૬૨ માં મરણ પામયો એના પછી અરજુનદેવ ગાદી ઉપર બેઠો.

પ્ર. ૩૫-અરજુનદેવની હકીકત કહો ?

ઉ. ૩૫-એ રાજા શીવ ધરમી હતો ૧૩ વરસ રાજ કરી ૧૨૭૫ માં મરણ પામયો; એના પછી સારંગદેવ ગાદીએ બેઠો.

પ્ર. ૩૬-સારંગદેવ વીશે શું જાણો છો ?

ઉ. ૩૬-એના વખતમાં કંઇ હકીકત બની નથી એ રાજા ૪ વરસ રાજ કરી ૧૨૭૯ માં મરણ પામયો એના પછી કરણ વાઘેલો ગાદી ઉપર બેઠો !

પ્ર. ૩૭-કરણ વાઘેલા વીશે શું જાણો છો !

ઉ. ૩૭-એના વખતમાં દીલ્હીની ગાદી ઉપર અલાઉદીન ખીલચી હતો તેની સાથે એને લડાઇ થઇ તેમાં પોતે હારયો ને બાગલાણમાં નાશી ગયો અને રાજ મુસલમાનોએ ઇ. સ. ૧૩૦૪ માં લઇ લીધું તથા રાણીઓને કબજે કરી જયારે કરણ બાગલાણમાં નાશી ગયો તયારે પોતાની દીકરી નામે દેવલદેવી સાથે હતી તેને અલાઉદીનનાં સરદારો જયારે દક્ષીણ ગયા તયારે દીલહી તેડી લાવવાની તેની માની ભલામણ હતી, તેથી શરદારોએ દેવળદેવીને મોકળવા કરણને કહ્યું પણ તેણે મોકલી નહી તેથી શરદારોએ લડાઇ કરી તે છોકરીને દીલ્હી લાવી પાદશાહના પાટવી કુંવર સાથે પરણાવી દીધી. કરણ ૨૫ વરસ રાજ કરી ૧૩૦૪ માં પદભ્રષ્ટ થયો. અને ગુજરાતપર મુસલમાનોનો અમલ બેઠો.

પ્ર. ૩૮-કોણે કોણે કયાં કયાં શેહરો વસાવયાં ?

ઉ. ૩૮-જયશીખરીએ પંચાશર વનરાજે અણહીલવાડ ચાંપાએ ચાંપાનેર કરણે કરણાવટી નગરી વસાવી વીશળ દેવે વીશળનગર તથા વીજાપોર અને વીરમે વીરમગામ.

પ્ર. ૩૯-કોણે કોણે કઇ કઇ જગાઓ બંધાવી ?

ઉ. ૩૯-મુળરાજે સીદ્ધપુરમાં રૂદ્રમહાલનુ દેરૂં બંધાવ્યુ દુરલભશેને દુરલભ સરોવર, કરણે કરણ સાગર તળાવ, સીદ્ધરાજે સહસ્રલીંગ તળાવ, મીનળદેવીએ માનસાગર ને મલાવ તળાવ બંધાવયાં, વીશળદેવે ડભોઇનો કીલ્લો બંધાવ્યો.

પ્ર. ૪૦—કયા કયા રાજા પ્રતાપી થયા ?

ઉ. ૪૦—વનરાજ, યોગપરાજ, શિધ્ધરાજ, કુમારપાળ, વીશળદેવ.

પ્ર. ૪૧—કોના કોના વખતમાં વાદ થયા હતાં ?

ઉ. ૪૧—શિલાદિત્યના વખતમાં બૌધ તથા જૈન ધરમ વાળાને અને બ્રામણ તથા શેતીમબરી તથા દેગામબરી વાળાને

પ્ર. ૪૨—દીલ્હીના રાજા અનંગપાળને મુસલમાનો સાથે લડાઇ થઇ ત્યારે બીજા રજપુત રાજાએ અનગપાળને સા સારૂ મદદ ન કરી ?

ઉ. ૪૨—દીલ્હીનો રાજા અનગપાળને બે કુવરીઓ ના

મે કમળા, અને રૂપસુંદરી હતી. તેમાં કમળા અજમેરના રાજા શોમેશ્વર સાથે પરણી હતી અને રૂપસુંદરી કનોજના રાજા જયચંદ સાથે પરણી હતી અનગપાળને છોકરો નહુતો અને રૂપસુંદરી કરતાં કમળા ઘણી વહાલી હતી તેથી તેના છોકરા પથુરાજને પોતાની ગાદી આપી, તે ઉપરથી રજપુતોએ મદદ ન કરી.

પ્ર. ૪૩—ચંદર બારોટ કોના વખતમાં આવ્યો?

ઉ. ૪૩—પથુરાજની વખતમાં

પ્ર. ૪૪—ગુજરાતનું રાજ મુસલમાનોના હાથમાં શી રીતે ગયુ ને કઇ શાકમાં ને તેમ થવાનું કારણ કહો?

ઉ. ૪૪—ગુજરાતના રાજા કરણ વાઘેલાને માધવ ને કેશવ નામે બે પ્રધાન હતા. તેમા માધવની સ્ત્રી ઘણી રૂપાળી હોવાને લીધે કરણે માધવને પરદેશ મોકલી તેણીને લઇ લીધી ને કેશવને મારી નાખ્યો એ વાતની માધવને ખબર થવાથી પોતે દીલ્હી જઇ અલાઉદીનને સમજાવી ગુજરાત ઉપર ચઢાઇ કરાવી.અલાઉદીને પોતાના વજીર નસ

દતખાંને તથા પોતાના ભાઇ અલીફખાનને લશકર આપી મો કલ્યો તેણે લડી રાજાને હરાવ્યો અને તેની રાણી તથા છોકરાને દીલ્લી લઈ ગયાં તેમાં કમળાદેવી તથા કઉલાદેવી નામે બે રાણીઓને પાદશાહે પરણ્યો, ઈ. સ. ૧૩૦૪-૫માં

પ્ર. ૪૫.—ચાવડા તથા વાઘેલા વંશ એ નામ પાડવાનુ કારણ શું !

ઉ. ૪૫ ચાવડા વંસના લોકો અશલ ચોરીનો ધંધો કરતા હતાં. તેથી અને વાઘેલા વંશના લોકો વાઘેલ ગામમ રહેતા હતાં તેથી એ નામ પડ્યું.

પ્ર. ૪૬—મહમુદે મભાશપાટણમાં જઇ શું કરયુ ને કઇ શાલમાં.

ઉ. ૪૬—ઇ૦ શ૦ ૧૦૨૪માં મહમુદ શોરઠી શોમના થ ઉપર ગયો, ત્યાં ગુજરાતનો રાજા ભીમદેવ તેની સામે થયો તેની શાથે ત્રણ દીવશ સુધી લડાઇ કરી તેમાં બે દીવશ મુશલમાનો હારયા, ત્રીજે દીવશે મુશલમાનોએ દેવલ હાથ કરી મુરતીના ચાર કડકા કરયા તેમાં એક મકકે, બીજો મદીને, ને બે ગીજનીની જુમા મસીદમાં આણ્યા ત્યાં

થી આઠ કરોડ રૂપી માનુ જવાહીર લઇ અગુહીલવાડ આ
વ્યો અને ત્યાં ભીમદેવને ગાદી ન આપતાં રાજા દુર્લભને
ખંડણી આપવા કબુલ કરાવી, ગુજરાતની ગાદી સોંપી
ત્યાંથી સ્વદેશ જતાં રસ્તામાં ભીમદેવે તેને ખાળ્યો તેથી
તેને રણને રસતે જવુ પડ્યું ત્યાં પાણી વીના હેરાન થ
યો અને એના ઘણા માણસો મારયા ગયાં.

પ્ર. ૪૭—કરણ શામત અને વીજય શામત એ દોનાં
દરબારમાં જોધ્ધા હતા, ને તે વીશે શું જાણો છો?

ઉ. ૪૭—એ કુમારપાળના દરબારમાં જોધ્ધા હતા જ
યારે માળવાનું લશકર ગુજરાતપર ચઢી આવ્યું ત્યારે રા
જાએ એ જોધ્ધાને અટકાવ કરવા મોકલયા પણ તેને અ
ટકાવ ન કરતાં તેની શાથે મળી ગયા, તેનુ લશકર ગુજરા
તમાં પેઠું એટલામાં કુમારપાળને એ વાતની ખબર થવાથી
એકદમ આવી તે લસકરને હરાવી પાછું કાઢ્યું.

પ્ર. ૪૮—ઉદાયનને કેટલા છોકરા હતા, તેનાં નામ શુ?

ઉ. ૪૮—વાઘભટ, અલરભટ, અમરભટ, ને વાહડ એ
નામે ચાર છોકરા હતાં.

પ્ર. ૪૯—હીમચારજીએ કયાંકયાં પુસતક બનાવ્યાં ?

ઉ. ૪૯—હીમકોશ તથા હીનવ્યાકરણ

પ્ર. ૫૦—રાણુકદેવીનું વ્રતાંત કહો

ઉ. ૫૦—એ શીંધના રાજાને તથા નઠારા નક્ષત્રમાં અવતરી તેથી રાજાએ તેને જગલમાં લઈ જઇ મારી નાખવાનુ કહી મારા મોકલ્યા પણ તે મારાએ તેને મારી ન નાખતાં જગલમાં મુકી આવયા તયાથી તેને મજેઠરી ગામનો કુમાર કોઈ બીનવારશી જાણી તે છોકરીને લઇ ગયો, તેને તયાં મોટી થઇ. એ ઘણી રૂપ.ળી હતી કેટલાક દીવસ ગયા બાદ શીધરાજાના દરબારના ભાટ જાત્રા કરતા કરતા તયાં આવ્યા અને એ છોકરીને જોઈને ધારયું કે એ કોઇ રાજકુવરી હશે અને એ આપણા રાજાને લાયક છે એમ ધારી જાત્રાએથી આવીને ભાટે શીધરાજને વાત કહી એટલે શીધરાજે માગુ મોકલયુ તે કુભારે કબુલ કરયુ તેથી વીવાહ થયો, પણ એ વાતની જુનાગઢના રાજા રાયખેગારને ખબર થવાથી મજેઠરી આવી તે કનયાને ચોરી લઈજઈ પરણુયો તેથી શીધરાજે તેની સાથે લડાઇ કરી રાયખેગા

રને મારી નાખ્યો અને રાણકદેવીને હાથ કરી લીધી તેને પોતાને દેશ લાવતાં રસ્તામાં લગન કરવાનું કહ્યું પણ તે સ્ત્રીએ ના પાડી ને લગન કરતાં સતી થઈને વઢવાણ આગળ ભોગાવો નદી ઉપર બળી મુઈ એની પ્રખ્યાતી માટે આજે પણ ત્યાં સતીની વાવ છે.

પ્ર. ૫૧—ગુજરાતપર ક્યા ક્યા મુસલમાનોએ સવારી કરી, કેઈ સાલમાં ને કોના વખતમાં ને તેમાં શો પરીણામ થયો ?

ઉ. ૫૧—ઈ૦ સ૦ ૧૧૯૫માં શાહાબુદીનના સેનાપતી કુતબુદીને ગુજરાત ઉપર ચઢાઈ કરી ભોળાભીમદેવને હરાવ્યો તયાર પછી ઈ૦ સ૦ ૧૧૯૨–૯૩માં મહમુદ ઘોરીએ પ્રુથુરાજ ઉપર સ્વારી કરીને પ્રુથુરાજને હરાવ્યો તયાર પછી ઈ૦ સ૦ ૧૩૦૪–૫માં અલાઉદીન ખીલચીએ ચઢાઈ કરી કરણ વાઘેલાને હરાવી તેની રાણીઓને દીલ્લી જઈ પરણ્યો.

ઈ૦ સ૦ ૧૦૨૪માં સુલતાન મહમુદે ગુજરાતના સોં

૨ટી સોમનાથપર ચઢાઇ કરી તે દેવલ લુટી લીધુ ને રા જા ભીમદેવને હરાવી સ્વદેશ ગયો.

ગુજરાતના મુસલમાન પાદશાહો તથા મરેઠા ઓની હકીકત.

પ્ર. ૧—ગુજરાતના મુસલમાન પાદશાહોની વંશાવલી કહો

ઉ. ૧—

	નામ	ગાદીએ બેઠો	ઉઠયો	વ. રા. કરયું
૧	મહમુદશાહ ૧લો	૧૪૦૩	૧૪૦૭	૪
૨	મુજફ્ફરશાહ ૧લો	૧૪૦૭	૧૪૧૧	૪
૩	અહંમદશાહ ૧લો	૧૪૧૧	૧૪૪૧	૩૦
૪	મહંમદશાહ ૨જો	૧૪૪૧	૧૪૫૧	૧૦
૫	કુતુબશાહ	૧૪૫૧	૧૪૫૯	૮
૬	દાઉદશાહ	૧૪૫૯	૧૪૫૯	૦
૭	મહમુદશાહ બેગડો ૩જો	૧૪૫૯	૧૫૧૩	૫૪
૮	મુજફ્ફરશાહ બીજો	૧૫૧૩	૧૫૨૬	૧૩
૯	સીકંદરશાહ	૧૫૨૬	૧૫૨૬	૦

૧૦ મહમુદશાહ ૪થો	૧૫૨૬	૧૫૨૬	૦
૧૧ બહાદુરશાહ	૧૫૨૬	૧૫૩૬	૧૦
૧૨ મહમુદશાહ ૫મો	૧૫૩૬	૧૫૫૪	૧૮
૧૩ અહમદશાહ ૨જો	૧૫૫૪	૧૫૬૧	૭
૧૪ મુજફ્ફરશાહ ૩જો	૧૫૬૧	૧૫૭૩	૧૨

પ્ર. ૨—અહમદશાહ પેહેલા વિશે શું જાણો છો

ઉ. ૨—દીલહીના સુબેદાર પાટણમાં રહી ગુજરાત ઉપ ર અમલ ચલાવતા સુલતાન અહમદશાહે આશાવલના રાજા આશા ભીલને હરાવી તે નગરમાં પોતાની રાજધાની કરી તેને વધારી સુધારી તેનુ નામ અહમદાવાદ પાડ્યુ; ઇ૦ સ૦ ૧૪૧૪ અહમદશાહ ધરમાધ થઇ રજપુતો તથા દ શીઓને વટાળવા તથા તેમના દેહેરાં તોડવા લાગ્યો તેથી લોકો નારાજી થયા દેશનો રાજા રજવાડાનો બંડ બેસાડવા માં એનો ઘણો વખત ગયો ઇડરના રાવને દબતો રાખવાને એને હાથમતીને તીરે કિલ્લો બાંધી નગર વસાવ્યું તેને અહમદનગર કહે છે. રજપુત સરદારોની બળાતકારે કન્યા લે વાના પ્રયત્નને લીધે તથા બીજા જુલમથી ઘણા ગરાશીયા

તથા ઠાકોરે ગામો લુટયા અને માળવા અને દક્ષિણના પાદશાહ શાથે લડાઇ કરી તેમાં ફતેહ પામયો મેવાડ, બુંદી, કોટા વગેરેના રાજાઓને હરાવી તેમની કનેથી ખંડણી લીધી.

પ્ર ૩—મહમદશાહ બીજા વીશે શું જાણો છો ?

ઉ ૩—એણે ચાંપાનેરના રાવલગંગાદાશને પાવાગઢમાં ઘેરયો હતો તેવામાં રાવલની કુમકે માળવાનો પાદશાહ ચઢી આવયો. તેનાથી ડરી મહમદશાહ નાઠો એ માટે તેના અમીરોએ તેને ઝેર દઇ મારી નાંખયો ને તેના શાહજાદા કુતબને પાદશાહ ઠેરવયો.

પ્ર ૪—કુતુબશાહ વિશે શું જાણો છો ?

ઉ ૪—એના વખતમાં માળવાની ફોજ સરખેજ સુધી આવી પણ કુતુબશાહના સામા થવાથી તે પાછી હઠી કુતુબશાહે ચિતોડના રાણા કુંભા ઉપર ચાવારીઓ કરી તેને હરાવયો. એના પછી દાઉદશાહ થયો.

પ્ર ૫—દાઉદશાહ વિશે શું જાણો ?

ઉ ૫—એનામાં રાજ્ય કરવાની શકતી નહોતી તેથી તે ને ઠેકાણે તેના ભાઇ મહમદ બીજાને બેસાડયો. એ બેગડો કહેવાયો. એ રાજા જબરો પરંતુ ધરમાંધ હતો. અણે જુનાગઢના રાજાને જુતી તેનુ રાજ લઇ લીધુ ને ચાંપાનેરનું રાજ પણ ખાલશા કરયુ દવારીકાની મુરતીઓ ભાંગી મસીદો ચણાવી ને તયાંના રાજાને પકડી અહમદાવાદમાં લાવીને મારયો. અણે લુટારાને સજા કરી દેશની આબાદી વધારી ને કચ્છના રાજાને હરાવી સિંધ ઉપર સ્વારી કરી માળવા વગેરેના હાકેમોને અણે હરાવયા, અણે મેહેમદાવાદ વસાવયું.

પ્ર ૬—મુજફરશાહ બીજા વીશે શું જાણો છો?

ઉ ૬—એના વખતમાં ઇડરના રાવે તથ ચીતોડના રાણાસંગે એના મુલક લુટી ઘણો પજવયો, માળવાના મુશલમાન પાદશાહને તેના દીવાન મેદનીરાએ તેને વશ રાખયો હતો માટે તેનાથી છુટવાને તેણે મુજફરશાહની મદદ માગી તેમ રાણાસંગે મેદનીરાયને મદદ કરી લડાઇઓ થઈ તેમાની કેટલીકમાં રજપુતોને જય મળયો પણ અંતે

મુશલમાનોની ચડતી રહી.

પ્ર ૭—શીકંદર વીશે શું જાણો છો?

ઉ ૭—શીકંદરને તેના ઉમરાવોએ મરાવી નખાવી મહમુદ ચોથાને ગાદીએ બેશાડયો તેને તેના ભાઈ બાહાદુર શાહે ગાદીએથી ઉડાડી મુકયો ને પંડે સુલતાન થઈ દક્ષીણદેશ ઉપર શવારી કરી ને અહંમદનગર તથા બીજા શહેરો લુટયા પછી માલવા દેશ જીતી લીધો ને ચીતોડના રાણા પાસે ખંડણી લીધી, ગુજરાત, શોરઠ, અને દક્ષીણના કાંઠા ઉપર ફીરંગી લોક આવવા લાગયા તેમની સામા અમદાવાદના કેટલાક સુલતાન થયા હતા બાહાદુરે પણ તેમને દીવબંદરેથી પાછા કહાડયા દીલહીના બાદશાહ હુમાયુએ આવી ગુજરાત જીતી લીધુ, શીરસાહ નામે પઠાણ સરદારે હીંદુસતાનમાં ભારે બંડ ઉઠાવયાથી તે તોડવાને મુગલ પાદશાહ આગરે ગયો તેવારે બાહાદુરશાહે પોતાનુ રાજ પાછુ હાથ કરી લીધુ, દીવ બંદરના ફીરંગી ઉપર સવારી કરી તેવારે તે લોકે ગુજરાતના સુલતાનનો કપટથી ઘાત કરયો.

પ્ર ૮—મહમદશાહ ૫ મો (મહમદ લતીબખાં)

ઉ ૮—એ નાંની ઉમરે ગાદીએ બેઠો તેનો અમલ કરવા ને એના સરદારો માંહે માંહે લડયા પણ અંતે કુલ અખત્યાર બાદશાહને હાથ આપયો. એણે રજપુત રાજા રાણા ઠાકોર કોલી ઠાકરડા વગેરે દેશીઓના પરગણાને ગામ ખુચી લેવાનો હુકમ કરયાથી શીરોહી, ડુંગરપુર, ઇડર, લુણાવાડા, વાંસવાડા, રાજપીપલા, મહીકાંઠા, ઝાલાવાડ, વગેરેના ગરાશીયા તથા કોલી લડવા ઉઠયા પણ પાદશાહે તેમને કતલ કરવાનો [illegible] રયો દેશીઓને ઘોડે બેસવાની સારાં લુગડાં પેહેર [illegible] તેહેવાર કરવા વીગેરેની મના કરી બહુ પીડયા, [illegible] સુલતાનને તેના બુરાન નામે નોકરે મારી નાખયો, બુરાને પાદશાહ થવાની કોશેશ કરી પણ મારયો ગયો પછી સરદારોએ પાદશાહી કુટુંબમાંથી અહમદ નામે બાલકને ગાદીએ બેશાડયો. તેનો કારભાર એતિમાદખાંને હાથ હતો બાદશાહે આપઅખતીયાર થવાની ઇચ્છા કરી તેથી કારભારીએ તેનો જીવ લીધો ને તેને ઠેકાણે મુજફર ત્રીજાને ગાદીએ બેસાડયો.

પ્ર ૯—મુજફેર ત્રીજા વીશે શુ જાણો છો ?

ઉ ૯—એ મુજફરશાહ અમદાવાદનો છેલો બાદશાહ હ તો તે પોતાનો લશકરી સરદારોને વસ રાખી શકયો નહી તેથી તેઓ માહે માહે લડયા ને દેશ તેમણે તાબે કરી વ હેંચી લીધો પણ દીલહીના બળવાન પાદશાહ અકબરે આ વી ઇ. સ. ૧૫૭૩માં ગુજરાતનુ રાજ જીતી લીધુ ને મુજ ફ્ફરને દીલહી લઇ જતાં રસતામાં તેણે આપઘાત કરયો પ છી અકબરે ધાકને યુકતીથી મુસલમાને વશ કરયા અને હીંદુઓને રાજી કરયા તેથી દેશમાં ી થઇ.

પ્ર ૧૦—ગુજરાતનાં મુશ ાન ' પુનરા વર ત્તન કહો ?

ઉ ૧૦— પુનરાવરતન

ગુજરાતના સ્વતંત્ર મુશલમાની રાજયના તેર પાદશાહમા ના ૭ નીરબળ હતા ને ૬ પાદસાહ પ્રાકરમી ચતુર અને બાહાદુર પણ તે દેસના લોકને પીડાતા હતા તેમણે હીંદુ ઓના દેહેરા તોડી પાડયા ને ધરમ દવેસી થઇ તેમણે હીંદુઓને ભારે દુખ દીધુ.

પ્ર ૧૧— મરેઠી રાજ્યની ઉતપતી કહો.

ઉ ૧૧— **મરેઠી રાજ્ય વીશે.**

મરેઠી રાજ્ય સ્થાપનાર શીવાજીએ શને ૧૬૬૪માં ગુજરાતમાં આવી પેહલુ સુરત બંદર લુટ્યુ તે વખતથી એ લોકો ગુજરાતમાં આવ્યા. શીવાજીનો પુત્ર સાહુરાજાનો શેનાપતી ખંડેરાવ ડાભાડે અને તેના હાથનીચેનો દામાજી ગાયકવાડે ખાનદેસથી આવી ગુજરાત લુટવા માંડ્યું અને કંથાજી વગેરે માળવા તરફથી આવી ગુજરાતમાં તેમ કરવા લાગ્યા દીલહીના પાદશાહ નબળા થઇ જવાથી તેમણે મરેઠાને મદદે બોલાવી માંહો માંહે લડવા લાગ્યા તેથી પોતે રાજ ખોઇ બેઠા. ખંડેરાવ અને દામાજી ઈ. સ. ૧૭૨૧ માં મરણ પામ્યા તેમની ઠેકાણે ત્ર્યંબકજીરાવ અને પીલાજી થયા, બાજીરાવ પેસવાનો હુકમ ત્ર્યંબકજી ડાભાડેએ ન માન્યો તેથી બાજીરાવે આવી તેને માર્યો પછી ઇ. સ. ૧૭૩૧ માં ગુજરાતનુ કામ પીલાજી ગાયકવાડને મલ્યુ તે ચોથ ઉઘરાવવા લાગ્યો અને મરેઠાનુ જોર વધતુ ગયુ તેથી મુગલાઇ રાજ નાશ પામ્યુ. ગાયકવાડે વડોદરામા રાજગાદી કરી

ઘણો મુલક ખાલશા કરી લીધો ને રજપુતરાજા તથા મુસલમાન નવાબો તથા તાલુકદારો કનેથી જબરાઇથી ખંડણી લેવા માંડી ગુજરાતની ઉપજનો કેટલોક ભાગ પેશવાનો હતો તેથી તેમના તરફથી એક અમલદાર અમદાવાદ રહેતો.

પ્ર ૧૨—વડોદરાના ગાયકવાડનો વંશાવળી કહો !

ઉ ૧૨—

	નામ	સા. બેઠા	ઉઠ્યા	રાજ કરયું.
૧	પીલાજી	૧૭૩૧	૧૭૩૨	૧
૨	દામાજી	૧૭૩૨	૧૭૬૯	૩૭
૩	ફતેહશીહ શીવાજીની વતી	૧૭૬૯	૧૭૮૪	૧૫
૪	માનાજી	૧૭૮૪	૧૭૯૨	૮
૫	ગોવીંદરાવ	૧૭૯૨	૧૮૦૦	૮
૬	આણંદરાવ	૧૮૦૦	૧૮૧૯	૧૯
૭	સીવાજી બીજો	૧૮૧૯	૧૮૪૭	૨૮
૮	ગણપતરાવ	૧૮૪૭	૧૭૫૬	૯
૯	ખંડેરાવ	૧૮૫૬	૧૮૭૮	૧૫
૧૦	મલાહરાવ	૧૮૭૧	૧૮૭૫	૪
૧૨	શીયાજીરાવ ત્રીજો	૧૮૭૫		

પ્ર ૧૩—પીલાજી વીશે શું જાણો છો ?

ઉ ૧૩—એ પીલાજીને જોધપુરના રાજા અભેશંગને દીલ્હીના બાદશાહ તરફથી સુબેદાર થઇ આવ્યો હતો તેણે પીલાજીને ડાકોરમા મારી નખાવી તેના દીકરા દામાજીને ગાદી આપી એણે રાજ્યની પુરેપુર થાપના કરી કરી, એણે પેશવા સાથે મળી જઈ અહમદાવાદ તાબે કરી ૧૭૫૭માં મુગલાઇ રાજ્યનો અંત આણ્યો તે વખતે સુરતમાં મુગલોના તરફથી કામ ચલાવનાર નવાબો સવતંત્ર થઇ રાજ બાથાવી પડયા પણ તે પોતાની સતાં જાલવી સકયા નહી તેથી અગરેજે રાજ લઈ લીધુ દામાજી એક વરશ રાજ કરી મરણ પામયા એના પછી શીયાજીને ગાદી મળી.

પ્ર ૧૪—શીયાજી વીશે શું જાણોછો ?

ઉ ૧૪—દામાજીના મરણ પછી ગાદીના માટે એના છોકરા માંહોમાહે લડવા લાગયા પણ પેશવા સરકારે મોટા દીકરા શીયાજીને ગાદી આપી તેનામાં રાજય ચલાવવાની સતા ન હોવાથી તેના નાનાભાઇ ફતેહસીહજીને કામ ચલા

વા નીમયો તયાર બાદ રઘુનાથરાવ પેશવા થયો તેણે ગોવી દરાવને ગાદી આપવાનો ઠરાવ કરયો તેથી બાઇઓ બાંધ માં કજીઓ થયોને રઘુનાથ રાવને ગુજરાતમાં નાશી આવ વું પડયુ તેથી ગોવીદરાવ નીરાશ થયો અને ૧૭૮૦માં પે શવા અને ઇંગરેજ વચ્ચે લડાઇ થવાથી ઇંગરેજે ગુજરાતનો કેટલોક ભાગ જીતી લીધો બાદ માનાજી ગાયકવાડને ગાદી મલી.

પ્ર ૧૫—માનાજી ગાયકવાડ વીશે શું જાણોછો ?

ઉ ૧૫—એના વખતમાં કોઇ મોટો બનાવ બનયો નથી અણે ૮ વરશ રાજ કરયુ બાદ ગોવીદરાવને ગાદી મલી.

પ્ર ૧૬—ગોવીંદરાવ વીશે શું જાણો છો ?

ઉ ૧૬—એના વખતમાં પેશવાના સરદાર હોલ્કરે અમ દાવાદમા આવી ઘણો કેર કરયો શને ૧૮૦૦માં ઇંગરેજે સુરત કબજે કરયુ ને ગોવીદરાવે અમદાવાદમાથી હોલ્કરને પકડી પેશવાની સત્તા ઉડાડી ને વરશે પાંચ લાખ રૂપીઆ આપવાના કરી પેશવાનો પાશેથી ગુજરાતનો ભાગ ઇજારે

રાખ્યો ગોવીંદરાવે ૮ વરશ રાજ કર્યા બાદ આ ગુદગાવને ગાદી મલી.

પ્ર ૧૭—આણંદરાવ વીશે શુ જાણો છો !

ઉ ૧૭—એના વખતમાં એના પીત્રાઇ ભાઇ મલ્હારરાવે ગાયકવાડી કુટુંબના કેટલાક માણસો જોડે મળી જઇ કડીમાં બંડ કર્યુ આણંદરાવની મદદે અંગરેજો આવવાથી બંડ ખોરોને હરાવયા એ વેળાએ ગાયકવાડી રાજયની અવસ્થા છેક ખરાબ થઇ ગઇ હતી તેથી અંગરેજોનુ લશકર વડોદરામાં રાખવા માડયુ અને ઇંગરેજોના તાબેદાર થઇ તેમના કહ્યા પ્રમાણે રાજ્ય કરવા લાગયા અને ઇંગરેજોએ દેશમાં ફીતુર ટંટા વગેરે પતાવી સમાધાની કરી અને ઈ. સ ૧૮૧૮માં પેશવાનુ રાજ જીતીલીધુ તેથી ગુજરાતની પરગણાની ખંડણી વગેર ઇંગરેજોને મલી તયાર પછી જે જે રાજાઓ થયા તે બધા ઇગરેજોને તાબે થઇ રાજય ચલાવે છે

પ્ર ૧૮—ગુજરાતના મુશલમાની રાજ્ય વીશે શું જાણોછે

ઉ ૧૮—પાટણના રાજયનો ખાલશા મુલક મુશલમાનો

ની સતા નીચે ગએલો પરતુ વાઘેલા રજપુતો પોતાના રાજ
યમાં રહ્યા તેમણે ગુજરાતના મુશલમાનોને કાઢી મુક્વાને
બંડ કરવામાં પણ ફાવ્યા નહી ને મુશલમાનોએ દેશ ખરાબ
કરયો હીંદુઓને વટાળયા તેમના દેવની મુરતીઓ ભાગી
તથા તેમની પાસે વેઠ કરાવી એવી રીતે ગુજરાતની ખરા
બી કરી મુશલમાનોએ ગુજરાતદેશ જીતી લઈ તે ઉપર એક
જાફરખાન નામે સુબેદાર ઠેરવયો ઇ. સ. ૧૩૯૧ તે સ્વતંત્ર
પણે અમલ કરવા લાગયો ઇ. સ. ૧૪૦૩માં દીલ્હીના બાદ
શાહની તાબેદારી છોડીદઇ પોતાના દીકરા તાતારખાનને ના
સરૂદીન [ઉરફે મહમુદ] એવો ઇલકાબ આપી અમદાવાદ
નો સ્વતંત્ર બાદશાહ ઠેરવ્યો પણ તે બીજે વરસે મરણ પા
મ્યો તેથી એનો બાપ જાફરખા અમલ કરવા લાગ્યો અને
ઇ૦ સ૦ ૧૪૦૭ મા મુજફ્ફરશાહ નામ ધારણ કરી પદ બા
દશાહ થયો ઇ૦ સ૦ ૧૪૦ માં તેનુ મરણ થયાથી તેના દી
કરાનો દીકરો અહમદશાહ પાદશાહ થયો.

સમાપ્ત.